GJVD020588572015

ક્રિ.કેસ નં.53049_2015

## :: આંક:૦૧ લગત હુકમ ::

(૧) રેકર્ડ ધ્યાને લીધું. આરોપીને પ્રોસેસની બજવણીના પ્રયત્નોની હકીકતો ધ્યાને લીધી.

(૨) સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આરોપીને અવારનવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે. પરંતુ, આરોપી મળી આવેલ નથી. વધુમાં, આરોપીને હાજર રાખવાની જવાબદારી ફરીયાદીની છે. ફરીયાદીની પુરસીસ મુજબ આરોપી ફરીયાદવાળા સરનામે રહેતા નથી અને તેમનું નવું સરનામું મળી આવતું નથી. તેવી હકીકત ફલીત થાય છે. આમ, હાલના કામે પોલીસે તેમજ ફરીયાદીએ જાતે આરોપીને શોધવાના સંપૂર્ણ પ્રયત્નો કરેલા છે પરંતુ, આરોપી મળી આવેલ નથી. વધુમાં આરોપીના ધંધાનો પ્રકાર જોવામાં આવે તો તેઓ ફરીયાદમાં જણાવેલ સરનામે કાયમી ધંધો ચલાવતા હોય તેમ જણાતું નથી. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે અને કેસની કાર્યવાહી આગળ ચાલે તેવી કોઇ શકયતા જણાતી નથી.

(૩) ઉપરોકત ચર્ચા કરી તે મુજબ સદર ગુનાની ખાનગી ફરીયાદ હોય ખાનગી ફરીયાદવાળા કેસોમાં આરોપીને હાજર રાખવાની જવાબદારી ફરીયાદીની છે અને જો આરોપી મળી આવતા ન હોય તો તેનું નવું સરનામું રજુ કરવાની જવાબદારી ફરીયાદીની છે. હાલના કેસમાં ફરીયાદીએ પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપી મળી આવેલ નથી કે આરોપીનું નવું સરનામું મળી આવેલ નથી અને આરોપી ઘણા વર્ષોથી કયાંક જતા રહેલ છે તે હકીકતો ધ્યાને લેતા પણ સદર કેસની કાર્યવાહી હાલના તબકકે ચાલુ રાખવી ન્યાયોચિત જણાતું નથી.

(૪) ક્રિમી.રીવીઝન એપ્લીકેશન નં.૬૫૬/૧૯૯૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ કે.કે.હરખાની ના કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૨૩.૦૩.૨૦૦૦ ના રોજ ચુકાદો આપેલ છે તેની હકીકતો ધ્યાને લેતા તે કેસમાં ડ્રગ ઈન્સ્પેકટરે ખાનગી ફરીયાદ દાખલ કરેલી તે કેસમાં આરોપી વિરૂદ્ધ પ્રોસેસની બજવણી થઇ શકેલ ન હોય અને કેસ છ વર્ષ જુનો હતો અને મેજીસ્ટ્રેટે આરોપી જયારે મળી આવે ત્યારે તેની વિરૂદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવી જયારે બાકીના

આરોપીઓ વિરૂદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ તે હુકમ યોગ્ય ઠરાવેલો હતો.

(૫) હાલના કેસની હકીકતો જોવામાં આવે તો હાલનો કેસ નવ વર્ષ જુનો છે તેમજ આરોપી અવારનવાર પ્રયત્ન કરવા છતાં મળી આવેલ નથી. જેથી કેસની કાર્યવાહી આગળ ચાલતી નથી. ફરીયાદી ફુડ ઈન્સ્પેકટરે પણ આંક:૦૯ ની પુરસીસથી યોગ્ય તે હુકમ કરવા જણાવેલ છે. વધુમાં, નામ. હાઈકોર્ટના પરીપત્ર મુજબ જુના કેસોમાં ઝડપથી આગળની કાર્યવાહી ચલાવવાની છે પરંતુ, આરોપી મળી આવતા ન હોય કેસની કાર્યવાહી આગળ ચાલતી નથી. જે સંજોગોમાં હાલના કેસની હકીકતો તથા સંજોગોને જોતા આરોપી જયારે મળી આવે ત્યારે કેસની કાર્યવાહી ફરિયાદ પક્ષ આગળ ચલાવી શકશે તેવો હુકમ કરી, હાલના તબકકે સદર કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે તો તેનાથી ફરિયાદ પક્ષને કોઈ પણ જાતનુ નુકસાન થાય તેમ નથી કારણકે ફરિયાદી કોર્ટ સમક્ષ હાજર થઈ સદર કેસ ફરીથી ઓપન કરાવી, બોર્ડ પર લેવડાવી, કેસની આગળની કાર્યવાહી કરી શકે તેમ છે. તેવા સંજોગોમાં છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: <u>હુ ક મ</u> ::**

૧. સદર કેસની હાલની કાર્યવાહી હાલના તબકકે બંધ કરી કેસ ફેંસલ કરવામાં આવે છે.

૨. આરોપી જયારે પણ હાજર–રજૂ થાય ત્યારે અથવા ફરિયાદ પક્ષને આરોપીનુ સરનામુ મળી આવે અને ફરિયાદી જો હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા હોય તો ફરીયાદ પક્ષ આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલાવી શકશે અને કેસ બોર્ડ પર લેવડાવી શકશે.

હુકમ આજ તારીખ:૦૯.૦૯.૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૯.૦૯.૨૦૨૩<br>
વડોદરા.

**(રીચા અગ્રવાલ)**<br>
**Code No. GJ01640**<br>
જયુડી. મેજી. ફ. કલાસ,( મ્યુનિ.),<br>
વડોદરા.

(લોપામુદ્રા શર્મા)/સ્ટેનોગ્રાફર.